# પાંડેસરા પો.સ્ટે.ના ખૂનના ગુનાનો ભેદ ઉકેલી આરોપીને ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી પાંડેસરા પોલીસ

તા.૧૬/૦૭/૨૦૧૯ ના રોજ પાંડેસરા પો.સ્ટે વિસ્તારમા આવેલ પ્રેમનગરની સામે આવેલ SMC કોમ્પ્લેક્ષના પહેલા માળે એક અજાણ્યા પુરૂષ ઇસમ ઉં.વ.આશરે ૨૫ થી ૩૦ નાને કોઇ અજાણ્યા ઇસમોએ હશિયાર કે પથ્થરોથી મોઢા તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઇજાઓ કરી, ખુન કરી, નાશી ગયેલ હોઇ, જે બનાવ બાબતે પાંડેસરા પો.સ્ટે.માં ફર્સ્ટ ગુ.ર.નં.૧૫૨/૨૦૧૯ ઇ.પી.કો. કલમ-૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ. જે ગુન્હાના આરોપીઓને પકડી પાડવા સારુ અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પો.સબ.ઈન્સ.શ્રી વી.એન.સીંગરખીયા, તથા એ.એસ.આઇ. મુકેશભાઇ ટાકણેનાઓને બાતમી હકીકત મળેલ કે જે ખુનનો બનાવ બનેલ છે. તેમાં પ્રમુખ પાર્કમાં રહેતો સતિષ ઉર્ફે સત્તુ તથા તેના મિત્રએ સાથે મળી મરણ જનાર ઇસમને માર મારી, પથ્થર વડે માથા તથા મોઢાના ભાગે જીવલેણ હુમલો કરી, ખુન કરેલ છે અને તેઓ હાલ પ્રમુખપાર્ક વાળા ઓવર બ્રીજની નીચે બેસેલા છે. જે હકીકત મળતા બાતમી હકીકત વર્ણન વાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોક્ત બન્ને આરોપીઓને કોર્ડન કરી, પકડી પાડી, તેનુ નામ ઠામ પુછતા (૧) સતિષ ઉર્ફે સતુ પુષ્પેન્દ્રસિંગ રાજપુત ઉ.વ.૨૦ રહે.સત્યમ ફ્લેટ, પ્રમુખપાર્ક પાંડેસરા, સુરત તથા (૨)કાયદાનાં સંઘર્ષમાં આવેલ બાળકિશોર નાઓના હોવાનું જણાઇ આવેલ. જેને ઉપરોક્ત ગુન્હા સંબંધે પૂછપરછ કરતા તા.૧૬/૭/૦૨૦૧૯ના ક.૨/૦૦ વાગ્યાની આસપાસ મરણ જનાર સાથે સદર જગ્યાએ નજીવી બાબતે ઝગડો થતા બન્નેએ સાથે મળી મરણ જનાર પર પથ્થર વડે હુમલો કરી માથા તથા મોઢાના ભાગે ગંભીર ઇજાઓ કરી, ખુન કરેલ હોવાની કબુલાત કરેલ હોઇ, જેથી સદર ગુન્હો વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.